पुना International School

Shree Swaminarayan Gurukul, Zundal

| | | | | | |
|---|---|---|---|---|---|
| Student Name | | | | | |
| Date | 10/09/2020 | Grade | IX | Roll No. | |
| Subject | Gujarati | Marks | 50 | Time | 3 hours |

## SECTION : A

## PART A

પ્રશ્ન 1 ( અ ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો 4 માર્ક્સ

હવાનું પ્રદૂષણ, પાણીનુ પ્રદૂષણ તેમ અવાજનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ એક ચિંતાનો વિષય છે. ઘરમાં શાળામાં,સભામાં કે રમતના મેદાનમાં મોટેથી વાતો કરવી એ કુટેવ છે. એવી જ રીતે રેડિયો કે ટેલિવિઝનનો અવાજ મોટો રાખવો એ શિષ્ટાચારની વિરુધ્ધ છે. નવરાત્રિ કે લગ્નપ્રસંગે રાતે મોડે સુધી કાનનાં પડદા તોડી નાખે એવો લાઉડસ્પીકરનો અવાજ રાખવો એ સામાજિક દૂષણ છે. અવાજનું પ્રદૂષણ ઘટાડવું એ શું આપણા હાથમાં નથી ? આવો, આપણે સાથે મળી અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો સંકલ્પ કરીએ. આપણે ઘર, શાળા, સભા, કે મેદાન પર શાંતિ જાળવીશું. રેડિયો અને ટેલિવિઝનનો અવાજ બહુ ધીમો રાખીશું. નવરાત્રિ કે લગ્ન જેવા પ્રસંગે લાઉડસ્પીકરનો મર્યાદિત ઉપયોગ કરીશું.

પ્રશ્નો
1 ) આપણા સૌ માટે ચિંતાનુ કારણ ક્યુ છે ?
2) ક્યા પ્રસંગોએ રાતે મોડે સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ થાય છે?
3) શું કરવું શિષ્ટાચારની વિરુધ્ધ છે ?
4) અવાજનું પ્રદુષણ ઘટાડવા આપણે ક્યો સંકલ્પ કરીશું?

પ્રશ્ન 1 ( બ ) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો 5 માર્ક્સ

પગલે પગલે સાવધ રહીને
પ્રેમળતા પ્રગટાવ્યે જા.
અંતરને અજવાળી વીરા
પંથ તારો કાપ્યે જા.
કાંટા આવે, કંકર આવે, ધોમ ધખતી રેતી આવે,
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધરી ચાલ્યો જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.

હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના,
શિસ્ત, શાંતિ ને સેવાનો તુ, પાઠ સૌને આપ્યે જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.

પ્રશ્નો : 1) કવિએ પંથ કેવી રીતે કાપવાની વાત કરી છે ?
2) ખાંડાની ધારે કેવી રીતે ચાલવાનું કહે છે ?
3) કવિ કોને અજવાળવાનું કહે છે ?
4) રસ્તે ચાલતા વચ્ચે શું આવે છે ?
5) કવિ સૌને શું આપવા કહે છે ?

પ્રશ્ન 2 : સાચો વિકલ્પ શોધીને જવાબ લખો 6 માર્ક્સ

1 સદાકાળ ગુજરાત ક્યાં જોવા મળે છે?
અ) જ્યાં એક પણ ગુજરાતી રહેતો નથી બ) જ્યાં અન્ય પ્રદેશના લોકો જ રહે છે.
ક) જ્યાંએક પણ ગુજરાતીએ વસવાટ કર્યો છે ડ) જ્યાં માત્ર પરદેશીઓ જ વસે છે

2 કવિનાં હ્યદયમાં શેનો વૈભવ રચાય છે?
અ) સ્નેહનો બ) શૌર્યનો ક) સત્યનો ડ) આગળના ત્રણેય

3 નીચેનામાથી ક્યો શબ્દ ‘પ્રફુલ્લ’ નો સમાનાર્થી છે ?
અ) ઉદાસ બ) આનંદ ક) હતાશ ડ) નિરાશ

4 મગનની મહેનતનો બદલો રામશંકરે કઇ રીતે આપ્યો?
અ) થોડા પૈસા આપીને બ) ઢોર ઢાંખર આપીને ક)
જમીનનો એક કટકો આપીને ડ) મકાન આપીને

5 મગનને પગ નીચેની જમીન સરી જતી કેમ લાગી?
અ) ધરતીકંપનો અનુભવ થવાથી બ) આ જમીન તારી નથી એવુ સાંભળીને ક)
સ્તબ્ધ સ્વજનોને જોઇને ડ) રામશંકરના અવસાનના ખબર સાંભળીને

6 ‘મારી જમીનમાં સોનાનો સૂરજ’ વાક્યનો અર્થ શોધો?
અ) જમીનમાં કશું જ ઊપજતું નથી બ) જમીનમાં મબલક પાક ઊપજ્યો છે ક)
જમીનમાથી સોનું મળી આવ્યુ છે ડ) સોનાના પતરામાં સૂરજનું ચિત્ર છે

## નીચેની કહેવતોનો અર્થ આપો( કોઇ પણ બે )  2 માર્ક્સ

1 સોબત એવી અસર

2 વાવે તેવું લણે

3 મન હોય તો માળવે જવાય

4 પારકી આશ સદા નિરાશ

5 ધીરજના ફળ મીઠા

## નીચેના સમાનાર્થી શબ્દ લખો( કોઇ પણ ત્રણ )  3 માર્ક્સ

1 તમામ

2 અસુર

3 ડુંગર

4 કાયા

## નીચેના વિરોધી શબ્દ લખો( કોઇ પણ ત્રણ )  3 માર્ક્સ

1 ઉછીનું

2 મંગલ

3 સ્પષ્ટ

4 ઉદ્યમી

**PART B**

## કાવ્ય વાંચી નીચે આપેલા પ્રશ્નના જવાબ આપો

મારી ગાગર ઉતારો તો જાણું
કે રાજ, તમે ઊંચક્યોતો પહાડને!
હું તો ઘરે ઘરે જઇને વખાણું
કે રાજ, તમે ઊંચક્યોતો પહાડને!
આખો દિ વાંસળીને હાથમાં રમાડો કહાન
એમા શા હોય ઝાઝા વેતા?
કાંટાળી કેડી પર ગાગર લઇને અમે
આવતાં જતાં ને સ્મિત દેતાં
હું તો વ્હેતી જમુનાને અહીં આણુ:

મારી ગાગર ઉતારો તો જાણું
કે રાજ, તમે ઊંચક્યોતો પહાડને!
ડચકારા દઇ દઇ ગાયો ચારાવવી
ને છાંયમહીં ખાઇ લેવો પોરો
ચાપટીમાં આવું તો કામ કરી નાખે
અહીં નાનકડો ગોકુળનો છોરો.
ફરી ફરી નહિ આવે ટાણું
મારી ગાગર ઉતારો તો જાણું
કે રાજ, તમે ઊંચક્યોતો પહાડને!

**એક વાક્યના ઉતર** 2 માર્ક્સ

1 આ કાવ્ય કોના માટે લખાયુ છે?

2 આ કાવ્યમાં શું ઉચકવાની વાત કરી છે?

બે કે ત્રણ વાક્યમાં ઉતર આપો 4 માર્ક્સ

1 આ કાવ્યમાં ગોપીના મનોભાવનું વર્ણન કરો.

2 શ્રીકૃષ્ણ વિશે ત્રણ વાક્યો લખો.

## ફકરો વાંચી નીચે આપેલા પ્રશ્નના જવાબ આપો

સવાર પડી, આશ્રમ જાગી ગયો. ગુરુએ કહ્યુ ઉપમન્યુ આજે ગાયો ચરાવવા તારે જવાનું છે મોડું ન કરતો. ઉપમન્યુ એ જી મહારાજ કહી પણ ઉપમન્યુનુ શરીર થનગની ઊઠ્યું હાથમાં જાણે ડાંગ આવી ગઇ ને પગ વનની કેડીએ ચાલવા લાગ્યા. ઘટાદાર વૃક્ષો, લીલાં ખેતરો, કિલ્લોલતાં પક્ષીઓ ઉપમન્યુને દેખાવા લાગ્યા. તેના અંતરમાથી કોઇએ પૂછ્યુ કે તુ ખાઇશ શુ? પણ તેને વહેલા ઊઠી, નાહી, ભિક્ષા લાવી ઉપમન્યુએ નિકળતા પહેલા જ જમી લીધું. સાંજે ઉપમન્યુ ગાયોને ચરાવીને આછો આવ્યો ને ગુરુની સામે હાથ જોડીને ઊભો રહ્યો. ત્યારે ગુરુએ પુછ્યુ કે ઉપમન્યુ તે આજે ખાવાનું શું કર્યું? તો ઉપમન્યુએ કહ્યુ કે હુ તો સવારે જ ભીક્ષા માગીને જમીને ગયો હતો તો ગુરુ એ કહ્યુ કે જે ગુરુ ને કહ્યા વગર ભિક્ષાન્ન ખાય છે તે અપવિત્ર છે એટલે કાલે પણ તારે ગાયો ચરાવવા જવાનું છે .

નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો 3 માર્ક્સ

1. આજે ગાયો ચરાવવા કોને જવાનુ હતુ ?

2 ઉપમન્યુએ ક્યારે જમી લીધુ?

3 ઉપમન્યુ ગાયો ચરાવીને ક્યારે પાછો આવ્યો?

નીચેના પ્રશ્નોના ઉત્તર આપો 6 માર્ક્સ

1 ગાયો ચરાવવાનુ ગુરુએ કહ્યુ ત્યારે ઉપમન્યુ ને શુ દેખાવા લાગ્યું ?

2 બપોરે જમવાનુ ઉપમન્યુએ શુ કર્યુ?

3 ગુરુજીને જણાવ્યા વગર ઉપમન્યુ જમ્યો તો ગુરુજીએ શુ કહ્યુ.

નીચેના વિશે નિબંધ લખો. 6 માર્ક્સ

1) મારો પ્રિય તહેવાર 2) માતૃપ્રેમ

નીચેના મુદ્દા પરથી વાર્તા લખો. 6 માર્ક્સ

એક ખેડૂત - ચાર દીકરા - દીકરા વચ્ચે કુસંપ - ખેડૂતને ચિંતા - ખેડૂતની માંદગી - ચારે દીકરાને બોલાવવાં - લાકડીઓની ભારી મંગાવવી - દરેક દીકરાને લાકડીઓની ભારી ભાંગવા કહેવું - ભારી ન ભાંગી શક્યા - લાકડીઓ છૂટી પાડી એક એક લાકડી ભાંગવા કહેવું - એક એક લાકડીઓ તરત ભાંગી શક્યાં - બોધ.